# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગર ખાતે શિષ્યવૃત્તિ વિતરણ કાર્યક્રમ યોજાશે.**
2. **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ઉદ્યોગપતિઓને 'વિકસિત ગુજરાત @2047'ના વિઝનમાં ખભેખભો મિલાવીને યોગદાન આપવા આહ્વાન કર્યું.**
3. **SIRની ડ્રાફ્ટ મતદાર યાદી 19 ડિસેમ્બરના રોજ પ્રસિદ્ધ કરાશે.**
4. **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઈકાલે 195 લોકોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરાયા.**
5. **આગામી ધોરણ 10 અને 12ની બોર્ડ પરીક્ષા માટે 15.14 લાખથી વધુ વિદ્યાર્થી નોંધાયા.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગર ખાતે શિષ્યવૃત્તિ વિતરણ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને સામાજિક ન્યાય અધિકારી મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા તથા મંત્રી રિવાબા જાડેજા ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં નમો લક્ષ્મી, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના, મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ અને મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરિટ સ્કોલરશીપ યોજનાઓ અંતર્ગત શિષ્યવૃત્તિનું વિતરણ કરાશે.

---

# GCCI

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ઉદ્યોગપતિઓને 'વિકસિત ગુજરાત **@ 2047'**ના વિઝનમાં ખભેખભો મિલાવીને યોગદાન આપવા આહ્વાન કર્યું છે - **GCCI** ખાતે હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં આયોજિત ઇન્ડસ્ટ્રી ઇન્ટરેક્શન મીટમાં બોલતા તેમણે આ મુજબ જણાવ્યું હતું.

'વિકસિત ગુજરાત **@2047'**ના સંકલ્પને સિદ્ધ કરવા ઉદ્યોગ વિભાગે ફાઈલોના નિકાલની ગતિ બમણી કરી છે તેમ જણાવતાં તેમણે ખાતરી આપી કે સરકાર ઉદ્યોગોની પડખે ઊભી છે અને ગુજરાતની ઔદ્યોગિક પ્રગતિને કોઈપણ પ્રકારના સ્પીડ બ્રેકર વગર આગળ લઈ જવાનું કામ આપણે ખભેખભો મિલાવીને કરવાનું છે.

તેમણે ઉમેર્યું કે રાજ્યના અર્થતંત્રને 2047 સુધીમાં 3.5 ટ્રિલિયન યુ.એસ. ડોલર સુધી લઇ જવાનું લક્ષ્ય છે. આ લક્ષ્ય સિદ્ધ કરવા માટે રાજ્ય સરકાર , સેમિકન્ડક્ટર, ગ્રીન હાઇડ્રોજન, રિન્યુએબલ એનર્જી જેવા ઉભરતાં ક્ષેત્રો અને ગ્રીન ગ્રોથ પર ખાસ ફોકસ કરી રહી છે.

---

## SIR

SIRની ડ્રાફ્ટ મતદાર યાદી 19 ડિસેમ્બરના રોજ પ્રસિદ્ધ કરાશે.

ચૂંટણી પંચે ગુજરાત સહિત 6 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો માટે SIRની કામગીરી અંતર્ગત ગણતરીના તબક્કા અને ડ્રાફ્ટ યાદી પ્રસિદ્ધ કરવાની સમયમર્યાદા લંબાવી છે.

ગત તા. 27 ઓક્ટોબરથી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) ઝુંબેશનો ગણતરીનો તબક્કો હવે 14 ડિસેમ્બર સુધી ચાલશે. જ્યારે ડ્રાફ્ટ મતદારયાદી 19 ડિસેમ્બરના રોજ પ્રસિદ્ધ કરાશે.

ગુજરાત સહિત તમિલનાડુ , મધ્યપ્રદેશ, છત્તીસગઢ, આંદમાન-નિકોબાર, ઉત્તરપ્રદેશમાં પણ આ તબક્કાઓની સમયમર્યાદા વધારવામાં આવી છે. તદુપરાંત ચૂંટણીપંચે જણાવ્યું છે કે કોઈપણ યોગ્યતા ધરાવતો મતદાર આખરી મતદારયાદીમાંથી બાકાત ન રહે તે માટે મતદાર ફોર્મ 6 ભરી આખરી મતદારયાદીમાં નામ સુનિશ્ચિત કરાવી શકશે

દરમિયાન રાજ્યભરમાં ગણતરીના તબક્કાની 100 % કામગીરી પૂર્ણ કરાઇ છે. ગણતરીના તબક્કામાં રાજ્યના તમામ 33 જિલ્લાઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન દર્શાવી 100

ટકા કામગીરી પૂર્ણ કરી છે. રાજ્યની કુલ **182** વિધાનસભા મતવિસ્તારમાં ચકાસણીની **100** ટકા કામગીરી સંપન્ન થઈ ચૂકી છે.

ગણતરીના તબક્કાના છેલ્લા ચરણ સુધીમાં ધ્યાને આવ્યું કે **18** લાખથી વધુ અવસાન પામેલ મતદારો મતદારયાદીમાં સામેલ હતા. જ્યારે **40** લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા છે.

---

## CITIZENSHIP CERTIFICATE

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં અમદાવાદમાં ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં **195** લોકોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરાયા.

કાર્યક્રમમાં **CAA** અંતર્ગત **122** ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર અને કલેક્ટર કચેરીમાં નોંધાયેલા **73** ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર મળીને કુલ **195** ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરાયા.

હર્ષ સંઘવીએ કહ્યું કે , નાગરિકતા મેળવનાર **195** લોકો માટે આજે અત્યંત આનંદની ક્ષણ છે, યાતનાઓ વેઠીને અને દુઃખો સહન કરીને ભારતમાં શરણાર્થી તરીકે આવીને વસેલા લોકો વર્ષોથી દેશના વિકાસમાં સહભાગી બન્યા છે.

ઉલ્લેખનીય છે કે શરણાર્થી નાગરિકોને ભારતમાં ગર્વભેર જીવન જીવવા અને પોતાના સપનાઓ સાકાર કરવામાં **CAA** કાયદો મહત્વનો સાબિત થયો છે. નાગરિકતા પ્રમાણપત્ર મેળવીને તેઓ વિવિધ અધિકારો અને સેવાઓ સરળતાથી પ્રાપ્ત કરી શકશે. શરણાર્થી નાગરિકોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર

મેળવવામાં મદદ કરનારા સામાજિક અગ્રણીઓ અને સંસ્થાઓને પણ નાયબ મુખ્યમંત્રીએ બિરદાવી હતી.

અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોગ્ય આયોજન અને પ્રસંશનીય કામગીરી થકી નાગરિકોને વર્ષ **2017**થી નાગરિકતા પ્રમાણપત્રો એનાયત થઈ રહ્યાં છે એમ જણાવીને નાયબ મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા વહીવટી તંત્રની કામગીરીને બિરદાવી હતી.

---

## DWARKA TALIM BHAVAN

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયામાં શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ 8 કરોડ રૂપિયાના ખર્ચે પુનર્નિર્માણ કરાયેલા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું ઉદ્ઘાટન કર્યું.

વર્ષ **1930**ના સમયનો પ્રાચીન અને ગૌરવસભર ઇતિહાસ ધરાવતા જી.વી.જે. હાઈસ્કૂલના ઐતિહાસિક બિલ્ડિંગને પુનર્નિર્માણ કરીને આ આધુનિક ભવન તૈયાર કરાયું છે તેમ શ્રીમતી જાડેજાએ જણાવ્યું.

### બાઇટ : રિવાબા જાડેજા, શિક્ષણ રાજ્યમંત્રી

---

## BOARD EXAM

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા આગામી 26 ફેબ્રુઆરીથી શરૂ થતી ધો 10 અને 12ની બોર્ડ પરીક્ષા માટે 15.14 લાખથી વધુ વિદ્યાર્થી નોંધાયા છે.

બોર્ડની  પરીક્ષા માટે નોંધણીની આપેલી નિયત મુદત પૂર્ણ થઈ છે. બોર્ડ દ્વારા હજુ વિદ્યાર્થીઓને 22 મી સુધી લેટ ફી સાથે ફોર્મ ભરવાની મુદત અપાઈ છે.

ઉલ્લેખનીય છે કે  , ગત વર્ષે બોર્ડ પરીક્ષાઓ માટે 14.28 લાખથી વધુ વિદ્યાર્થીઓ નોંધાય હતા.

---

## WEATHER

રાજ્યભરમાં ગઇકાલે લઘુતમ તાપમાનમાં ઘટાડો નોધાયો છે. નલિયામાં **9** ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું છે, જ્યારે અમદાવાદમા **13.4** ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ.કે. દાસના જણાવ્યા મુજબ આગામી 7 દિવસમાં રાજ્યમાં લઘુતમ તાપમાનમાં મોટો ફેરફાર નહીં. અમદાવાદમાં લઘુતમ તાપમાન 14 ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે

### (બાઈટ – ડૉક્ટર એ.કે.દાસ)

---

## MORBI MANIMANDIR DIWALI

સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા યુનેસ્કોની અમૂર્ત ધરોહર યાદીમાં દિવાળીના તહેવારનો સમાવેશ  થતાં  રાજ્યભરમાં રંગેચંગે ઉજવણી થઈ રહી છે. ત્યારે મોરબીમાં મણિ મંદિરને શણગારી ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી, હિરલ વ્યાસે જણાવ્યું.

### બાઇટ : હિરલ વ્યાસ, જિલ્લા યુવા વિકાસ અધિકારી

---

# PANCHMAHAL – PASHUPALAN SHIBIR

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા ખાતે રાજ્યકક્ષા મંત્રી રમેશ કટારાના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાની પશુપાલન શિક્ષણ શિબિર અને પ્રદર્શન કાર્યક્રમ યોજાયો. જેમાં પશુપાલકોને પશુપાલન ક્ષેત્રે વધુ પ્રગતિ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

પશુપાલકોને માહિતગાર કરવા માટે પંચામૃત ડેરી , પ્રાકૃતિક ખેતી , પશુ વિજ્ઞાન કેન્દ્ર તેમજ પશુપાલન શાખા ઘોઘંબા દ્વારા પ્રદર્શન સ્ટોલનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે પશુપાલન વિભાગની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરાયું. આ કાર્યક્રમમાં અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

---

# RAJKOT – HOCKEY CHAMPIONSHIP

રાજકોટમાં શરૂ થયેલી 74મી ઓલ ઇન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયનશિપ તેના અંતિમ ચરણમાં છે. સૌરાષ્ટ્ર યુનિવર્સીટી હોકી ગ્રાઉન્ડ તેમજ રેસકોર્સ સ્થિત મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ આ મેચની પ્રી-ક્વાર્ટર ફાઇનલ મેચમાં 16 ટીમો ભાગ લઈ રહી છે.

આજે ક્વાર્ટર ફાઈનલ મેચ રમાશે તેમજ આવતીકાલે સેમી ફાઈનલ અને 14 ડીસેમ્બરના રોજ ફાઈનલ મેચ રમાશે.

---

# DANG

ડાંગ જિલ્લા કલેક્ટર સુશ્રી શાલિની દુહાનના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્પેશ્યલ ટાસ્ક ફોર્સ સમિતિની બેઠક યોજાઇ . ડાંગ જિલ્લા કલેક્ટર કચેરી આહવા ખાતે યોજાયેલ આ બેઠકમાં કલેક્ટરે લોકોમાં સ્વચ્છતા બાબતે જાગૃતિ ફેલાવવા તેમજ જાણકારી આપવા સૂચના આપી હતી.

આ બેઠકમાં આહવા ગ્રામ પંચાયતમાં સફાઇ માટે સ્થાનિક જરૂરીયાત અનુસાર સફાઇ કર્મીઓનું માનવબળ મેળવવા તેમજ હાલમાં કચરો એકત્ર કરવા માટે તથા ડમ્પીંગ સાઇડ સુધી લઇ જવા જરૂરિયાત મુજબ સાધનો તાત્કાલિક વધારવા અંગે જિલ્લા કલેક્ટરશ્રીએ સુચના આપી હતી.

આ ઉપરાંત તાલુકા કક્ષાએ ટીમ બનાવી કચરાનો વ્યવસ્થિતિ નિકાલની તેની ચકાસણી તેમજ જિલ્લામાં કચરા વ્યવસ્થાપન માટે સુવ્યવસ્થિત માળખું ઉભું કરવા સાથે કચરો સળગાવવામાં આવે તો રૂપિયા 500નો દંડ વસુલવા નિર્ણય લેવામાં આવ્યો હતો.

---